# કાળઝાળ ગરમીમાં શેકાયું

## પારો ૪૩.૪ ડિગ્રી : સતત બીજા દિવસે પણ ગરમીનો મિજાજ આકરો : રજાના દિવસમાં ગરમી પ્રકોપ વચ્ચે દિવસ દરમિયાન શહેરના જનજીવનમાં સુનકાર



ગાંધીનગર તા ૨૭

રાજયમાં આગઝરતી ગરમીના લીધે જનજીવન ત્રાહીમામ છે. ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. જયારે ગરમીથી બચવા માટે સ્થાનિક તંત્ર દ્વારા એલર્ટ પણ જારી કરાયુ છે. ઓરેન્જ અને રેડ એલર્ટ વચ્ચે આમ નાગરિકો ગરમીથી છુટકારો મેળવવા માટે વલખા મારી રહ્યા છે. ગરમી હજુ આગામી દિવસોમાં વધુ ઉગ્ર બને તેવી દહેશત વચ્ચે આકાશમાંથી વરસતા અગ્નગોળા ટોક ઓફ ધ ટાઉન છે. ગરમીની આડઅસરથી બચવા માટે બને ત્યાં સુધી ઘરની બહાર ન નિકળવા માટે પણ સલાહભર્યુ હોવાની જાહેરાત કરવામાં આવી છે. આમ નાગરિકો અંગ દઝાડતી ગરમીથી દુર રહેવા માટે કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી. ગરમીએ હદ વટાવતા બપોરના સમયે શહેરમાં સુનકાર જોવા મળે છે. ગાંધીનગરમાં પણ હરિયાળી વનરાજી વચ્ચે ગરમીનો પારો સતત ઉંચે ચઢતો જાય છે. મહત્તમ તાપમાન એપ્રિલ પુરો થાય તે પહેલા જ ૪૪ ડિગ્રીની નજીક પહોંચી ગયુ છે. આકાશમાં ધગતા સુરજના લીધે દિવસની ગરમીના અંતે રાત્રે પણ ગરમીની અસર વર્તાય છે. આજે પણ ગરમીનો પારો ગઈકાલની જેમ યથાવત રહ્યો હતો. મહત્તમ તાપમાન ૪૩.૪ ડીગ્રી રહ્યુ હતુ. જયારે શનિવાર હોવાના લીધે સરકારી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના ઘોઘારી દંપત્તિનું માળીયા પાસે અકસ્માતમાં મૃત્યુ

## સેક્ટર-૨૮માં રહેતા રાજધાની ગ્રુપના નરસિંહભાઈ ઘોઘારી અને તેમના પત્નિ નર્મદાબેન ઘોઘારીનુ ઘટનાસ્થળે મૃત્યુ થતાં ઘોઘારી પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી

ગાંધીનગર, તા. ૨૭

ન જાણ્યુ જાનકી નાથે, સવારે શું થવાનું છે..., આવું જ કંઈક ગાંધીનગરના ઘોઘારી પરિવાર સાથે બન્યું. શુક્રવારે વહેલી સવારે લગ્નપ્રસંગે જવા માટે ઘોઘારી દંપતિ પ્રસન્નતા પૂર્વક બનાસકાંઠા સોસાયટી, સેક્ટર-૨૮થી પોતાની સેવરોલેટ કારમાં રવાના થયા અને મોડીરાત્રે જાણે ઘોઘારી પરિવાર પર આભ તૂટી પડ્યું હોય એમ દંપત્તિના મૃતદેહ સાથે એમ્બ્યુલન્સ આવી પહોંચતા સમગ્ર ઘોઘારી પરિવાર હિબકે ચડ્યું હતું.



ગાંધીનગરના રાજધાની ગ્રુપના ઘોઘારી પરિવારને માળીયા પાસે અકસ્માત નડતા ઘોઘારી દંપતિનું ઘટનાસ્થળે મૃત્યુ થયુ હતુ. સેક્ટર-૨૮ સ્થિત બનાસકાંઠા સોસાયટીમાં રહેતા નરસિંહભાઈ ઘોઘારી અને નર્મદાબેન ઘોઘારી અન્ય ત્રણ સંબંધીઓ સાથે કચ્છ લગ્ન પ્રસંગે જઈ રહ્યા હતા ત્યારે અમદાવાદ-માળીયા હાઈવે પર માણાબા ગામ પાસે ગાડી પલ્ટી ખાતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો જેમાં ઘટનાસ્થળે પાંચ અને સારવાર દરમ્યાન એક એમ છ વ્યક્તિઓના મૃત્યુ થયા હતા. મોડી સાંજે ઘોઘારી દંપતિના અવસાનના સમાચાર પ્રસરતા ઘોઘારી પરિવાર અને વેપારી આલમમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. મૃત્યુ પામનાર નરસિંહભાઈ અને નર્મદાબેન નગરના અગ્રણી વેપારી શાંતિલાલ ઘોઘારીના પિત્રાઈ ભાઈ-ભાભી થાય છે.

બનાવની વિગત એવી છે કે સેક્ટર-૨૮ની બનાસકાંઠા સોસાયટીમાં રહેતા નરસિંહભાઈ ઘોઘારી અને નર્મદાબેન ઘોઘારી તેમના નજીકના સગા હરીભાઈ અને દેવકીબાને સાથે લઈ કચ્છમાં લગ્ન પ્રસંગે જવા નીકળ્યા હતા. બપોરે ત્રણ વાગ્યાની આસપાસ મોરબી-માળીયા હાઈવે પર માણાબા ગામ પાસે નરસિંહભાઈની કાર અચાનક

● અનુસંધાન પાન-૭ પર

# કૃષિ અને પશુપાલન ક્ષેત્રે પાણીની માંગમાં તીવ્ર વધારો

## સિંચાઈનું પાણી કૃષિને આપવા ઉગ્ર માંગ : ગ્રામીણ વિસ્તારોમાં તળાવો હિટવેવને પગલે સુકાઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ પાકને બચાવવા માટે પાણીની માંગ તીવ્ર બનવા પામી છે.

જિલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી જે હિટવેવ ચાલી રહ્યો છે તેને કારણે પાકને બચાવવા માટે પાણીની તાતી જરૂરિયાત છે. સરકારે પાણી સિંચાઈ માટે આપવુ જોઈએ તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

જિલ્લો આમેય ઓવર એક્સપ્લોઈટેશન કેટેગરીમાં આવે છે અને ચોમાસુ નિષ્ફળ જતાં આ વખતે ભૂગર્ભ જળ ઘણા ઊંડા ઉતરી ગયા છે. હિટવેવને કારણે પાણીના બાષ્પીભવનમાં પણ વધારો થયો છે એટલુ જ નહિ ગ્રામ્ય વિસ્તારના તળાવો પણ સુકાવાની શરૂઆત થઈ ચુકી છે.

ઘાસચારાનું વાવેતર વધારે થયુ છે પણ જે રીતે હિટવેવ ચાલી રહ્યો છે તેથી મૂંગા પશુધન માટેના ઘાસચારાના પાકને બચાવવા પણ પાણી જરૂરી બન્યુ છે. આ ઉપરાંત પશુધન માટે પાણી પણ વધુ આવશ્યક બન્યુ છે. જિલ્લામાં શાકભાજીના પાકો માટે પણ પાણી વધુ જરૂરી હોવાનુ જણાવતાં ખેડૂતોએ કહ્યુ છે કે હાલ જે ભાવ છે તે કદાચ આગામી દિવસોમાં નવી ઊંચાઈઓને આંબશે.

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોના સુવિધા કેન્દ્રોના જર્જરીત બિલ્ડીંગોનુ નવિનીકરણ કરાશે

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં દાયકાઓ જુના આવાસો વર્ષોના અંતે ખંડેર બન્યા છે.ખંડેર અને જુના

## આવાસોની જાળવણીની જવાબદારી સંભાળતા સુવિધા કેન્દ્રોની કચેરી સાડા ચાર દાયકાના અંતે કંગાળ બની : નવી ડિઝાઇન મુજબ સુવિધા કેન્દ્રો તૈયાર કરવા આયોજન કરાશે

આવાસોની જાળવણી તેમજ વસાહતીઓની ફરિયાદોનુ નિરાકરણ લાવતા સેકટરોના સુવિધા કેન્દ્રો જ મરણપથારીએ છે. ઈન્કવાયરી કચેરીઓના બિલ્ડીંગોમાંથી મોટામસ પોપડા ખરતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં માર્ગ મકાન વિભાગ દ્વારા સેકટરોના સુવિધા કેન્દ્રોનુ નવિનીકરણ કરવા માટે પણ યોજના વિચારણા હેઠળ છે. આ માટે નમુનારૂપ ડિઝાઈન પણ તૈયાર કરવામાં આવશે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો સમય જતા હવે વર્ષોની અંતે ખંડેર બની ગયા છે. જયારે આ જુના અને જોખમી મકાનોને તોડવાનુ કામ પણ હાથ ધરાયુ છે. નવા આવાસો બાંધવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જુના આવાસો રહેણાંકને લાયક ન હોવાથી સેકટરોમાં સર્વેના અંતે આવાસોના મામલે રીપોર્ટ પણ તૈયાર કરવામાં આવ્યો છે. બીજીતરફ આ આવાસોની જાળવણી તેમજ વસાહતીઓની ફરિયાદોનો નિકાલ કરવા માટે કાર્યરત સેકટરોની ઈન્કવાયરી કચેરી પણ મરણપથારી છે. સેકટરોની ઈન્કવાયરી કચેરી વર્ષ ૧૯૭૪ માં તૈયાર કરવામાં આવી હતી. જયારે સાડા ચાર દાયકાના અંતે ઈન્કવાયરી કચેરીઓનુ બાંધકામ પણ જર્જરીત થઈ ગયુ છે. આવાસોમાંથી પોપડા ખરતા હોવાની ફરિયાદો માટેનુ કેન્દ્ર સ્થાન બનેલી સુવિધા કચેરીઓમાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ પેયજળની માંગમાં વધારો થયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ ગરમીના પ્રકોપને પગલે પેયજળની માંગમાં વધારો થવા પામ્યો છે. આ વધારો ૩૦ થી ૫૦ ટકા સુધીનો થવા પામ્યો હોવાનું જાણવા મળેલ છે.

સ્થાનિક સ્ત્રોતોમાંથી જે પેયજળનો પુરવઠો મેળવવામાં આવતો હતો તેના બદલે નર્મદા કેનાલના પાણીનો ઉપયોગ કરવાની ઝુંબેશ તંત્રએ ચલાવી હતી જેને કારણે ૧૦૦થી વધુ ગામોએ નર્મદાનું પાણી લેવાનો નિર્ણય કરી અને સ્થાનિક સ્ત્રોતો બંધ કર્યા હતા.

હવે ચોમાસુ નિષ્ફળ ગયુ છે અને જે રીતે ગરમીનો પ્રકોપ વધ્યો છે તેને પગલે પેયજળની માંગમાં પણ ૪૦ થી ૫૦ ટકાની વૃદ્ધિ થવા પામી છે. જોકે હાલ ગ્રામ્ય વિસ્તારમાં બમળા પેયજળના જથ્થામાં કોઈ વૃદ્ધિ કરવામાં આવી નથી તેમ તંત્રના સૂત્રોએ આડકતરો એકરાર કર્યો છે.

ભૂગર્ભજળના સ્તર પણ નીચે જતા ગ્રામીણ વિસ્તારોમાં પાણીની સમસ્યા થોડીક ગંભીર જરૂર બની છે પરંતુ ચિંતાજનક સ્થિતિ નહિ હોવાનું આડકતરૂ તંત્ર માની રહેલ છે.

જિલ્લામાં જે રીતે ભૂગર્ભ જળના સ્તર નીચે ગયા છે તેને લઈ પાણીની બુમો હાલ ચોતરફથી ઉઠી રહી છે. નર્મદાનું પાણી પણ પુરા ફોર્સથી ગ્રામ્ય વિસ્તારને મળતુ નહિ હોવાની ફરિયાદોનું પ્રમાણ પણ વધી જવા પામ્યુ છે એટલુ જ

● અનુસંધાન પાન-૭ પર



શીતળ છાંયડો - ગામના પાદરમાં વિરાટ સ્વરૂપે ઉછરેલ વૃક્ષ કેવી અને કેટલી હૂંફ આપે છે તે માત્ર અબોલ પશુ-પક્ષીઓ જ જાણે છે... જેનું કોઈ નથી, એની કુદરત છે... નથી કુલર, નથી એરકન્ડીશનર, નથી પંખો, નથી ખસટટ્ટી, પરંતુ ગરમીથી બચવા શિતળતા આપે છે... વૃક્ષનો છાયો... એમાય વડનો મહિમા તો ધર્મ અને વિજ્ઞાનની સાથો સાથ પર્યાવરણમાં એટલો જ છે... આપણા શાસ્ત્રોમાં કહેવાયું છે, કે પરોપકારનું શ્રેષ્ઠ પ્રતિક કોઈ હોય તો વૃક્ષ છે... અને વૃક્ષમાં વડ છે... પોતે કાળઝાળ ગરમીને સહન કરે, પોતાની ડાળીઓ અને થડમાં ગરમીને સમાવી લે... પરંતુ એના આશ્રિતોને શિતળતા આપે છે... આપણે વિજ્ઞાનના સહારે ઘણું બધુ ભૂલ્યા છીએ, એમાં તો પર્યાવરણનો તો દાટ વાળ્યો છે... ગરમીથી બચવા માટે લાખો રૂપિયાના ખર્ચે એરકન્ડીશનર વસાવનારા આપણે વૃક્ષો વાવવામાં ઉણા ઉતરીએ છીએ... વિકાસ અને પર્યાવરણ પૂરક બનવાના બદલે સામસામે આવતા પરિસ્થિતિ ગંભીર બનતી જાય છે... આવો આપણે સૌ સાથે મળી વૃક્ષ વાવીએ અને તેનું જતન કરીએ...

### કેસર કેરીનું આગામી સપ્તાહથી બજારમાં આગમન થશે

અમદાવાદ, તા. ૨૭

તાલાહી ગીરની અમૃત ફળ ગણાતી કેસર કેરીની સિઝનનો તલાલા માર્કેટિંગ યાર્ડમાં તા.૫મી મે રવિવારથી શુભારંભ થશે. આ વર્ષે તાલાલા યાર્ડમાં તા.૩મેથી સિઝનનો શુભારંભ થયો હોઈ આ વર્ષે અમદાવાદીઓને બે દિવસ મોડી કેરી ખાવા મળશે. કેરીના રસિયાઓને હવે મન ભરીને કેરીનો સ્વાદ માણવા મળશે. દેશ અને દુનિયામાં કેરી રસિકોની પહેલી પસંદ બનેલી કેસર કેરીની આખરે શાનદાર એન્ટ્રી બજારમાં આગામી સપ્તાહથી શરૂ થઈ જશે. ગત વર્ષે ૧૦ કિલો કેરીના ૩૦૦થી ૬૦૦ રૂપિયાની બોલી બોલાઈ હતી. આ વર્ષે તે વધીને ૪૦૦થી ૭૦૦ થવાની શક્યતા છે. ગત વર્ષે પ્રથમ દિવસે જ ૧૧૪૨૫ જેટલાં કેરીનાં બોક્સની હરાજી થઈ હતી. કેસર કેરીના ભાવોને લઈ ખેડૂતોમાં કહીં ખુશી કહીં ગમ જેવો માહોલ છે. ગત વર્ષની તુલનાએ કેસરનો ભાવ આ વર્ષે દોઢો છે. એટલે કે ૧૦૦થી ૨૦૦ રૂપિયા ૧૦ કિલોએ વધારે આંકવામાં આવી રહ્યા છે.



DAY CARE - PLAY GROUP - SENIOR KG
JUNIOR KG - NURSERY
Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment,
Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com